# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/291 Dt. 11/01/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ કોન્કલેવ ૨૦૨૬ યોજાયો

## કોન્કલેવમાં નિષ્ણાંત વકતાઓ શ્રી બાસેષ ગાલા, શ્રી અવનીશ હિરપરા, શ્રી જી.આર. રાઘવેન્દ્ર, ડો. કારમેલ મેરી એસ્થર અને સુશ્રી શિવાની શર્માએ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના વ્યવસાયિક ઉપયોગ, કાનૂની મુદ્દાઓ,સ્ટાર્ટ–અપ્સ માટેની તકો અને ભવિષ્યની સંભાવનાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ કલાક દરમ્યાન ઉષાકાંત હોલ, સરસાણા, સુરત ખાતે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ) કોન્કલેવ ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નિષ્ણાંત વકતાઓ તરીકે સિમ્પસ એકઝીમ અને કોર્પોરેટ એડવાઇઝરીના ડિરેકટર અને લીડ એડવાઇઝર શ્રી બાસેષ ગાલા, સીઇડીની સુરત વલસાડ રિજીયોનલ ઓફિસના સિનિયર ટ્રેઇનિંગ ઓફિસર શ્રી અવનિશ હિરપરા, શ્રી જી.આર. રાઘવેન્દ્ર અને ડો. કારમેલ મેરી એસ્થર દ્વારા સ્ટાર્ટ–અપ્સ, ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આજના સમયમાં માત્ર ટેકનોલોજી પૂરતી સીમિત નથી, પરંતુ તે વ્યવસાય, ઉદ્યોગ અને અર્થતંત્ર માટે મહત્વપૂર્ણ

પરિવર્તનનું સાધન બની ગયું છે. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત એઆઇ કોન્કલેવ–૨૦૨૬નો મુખ્ય ઉદ્દેશ ઉદ્યોગકારો અને વ્યવસાયિકોને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની વાસ્તવિક ઉપયોગિતા, કાનૂની પાસાઓ તથા ભવિષ્યની તકો અંગે માહિતગાર કરવાનો છે.

સીઇડીની સુરત વલસાડ રિજીયોનલ ઓફિસના સિનિયર ટ્રેઇનિંગ ઓફિસર શ્રી અવનિશ હિરપરાએ સીઇડી દ્વારા ઉદ્યોગકારો અને યુવા ઉદ્યોગ સાહસિકોને આપવામાં આવતી વિવિધ તાલીમ, માર્ગદર્શન, સ્કિલ ડેવલપમેન્ટ કાર્યક્રમો તથા સરકાર દ્વારા ઉપલબ્ધ સહાય યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે કહયું હતું કે, સીઇડીનો મુખ્ય ઉદ્દેશ યુવાનોમાં ઉદ્યોગ સાહસિકતા વિકસાવવાનો છે અને તેમને સ્વરોજગાર તથા વ્યવસાયિક વિકાસ માટે જરૂરી જ્ઞાન, કુશળતા અને પ્લેટફોર્મ પૂરું પાડવાનું છે. તેમણે સ્ટાર્ટ–અપ્સ, એમએસએમઇ ઉદ્યોગકારો અને નવા વ્યવસાય શરૂ કરવા ઇચ્છુક યુવાનોને સીઇડીની સેવાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

શ્રી જી.આર. રાઘવેન્દ્રએ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના વધતા ઉપયોગ સાથે જોડાયેલા વિવિધ કાનૂની મુદ્દાઓ અંગે વિસ્તૃત સમજ આપી હતી. તેમણે ડેટા પ્રાઇવસી, સાયબર સુરક્ષા, ઇન્ટેકચ્યુલ પ્રોપર્ટી રાઇટ્સ, કોપીરાઇટ, જવાબદારી તથા એઆઇ આધારિત નિર્ણયોમાં પારદર્શિતા જેવા મહત્વપૂર્ણ કાનૂની પાસાઓ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે કહયું હતું કે, એઆઇ ટેકનોલોજીનો વ્યવસાયિક ઉપયોગ કરતી વખતે વર્તમાન કાયદા અને નિયમોનું પાલન કરવું અત્યંત આવશ્યક છે, જેથી ભવિષ્યમાં કાનૂની વિવાદો ટાળી શકાય.

ડો. કારમેલ મેરી એસ્થરએ સ્ટાર્ટ–અપ્સ માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ કેવી રીતે ગેમચેન્જર સાબિત થઈ શકે છે તે વિષે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, એઆઇના યોગ્ય ઉપયોગથી સ્ટાર્ટઅપ્સ ઓછા સંસાધનોમાં વધુ કાર્યક્ષમતા, ઝડપી નિર્ણય ક્ષમતા અને વૈશ્વિક સ્પર્ધાત્મકતા હાંસલ કરી શકે છે. તેમણે પ્રોડક્ટ ડેવલપમેન્ટ, માર્કેટ એનાલિસિસ, કસ્ટમર એક્સપિરિયન્સ, ઓટોમેશન તથા ડેટા આધારિત ઇનોવેશનમાં એઆઇની ભૂમિકા પર પ્રકાશ પાડયો હતો.

કોલમ્સ્પ્રાઉટ એઆઇના કો–ફાઉન્ડર અને સીઇઓ સુશ્રી શિવાની શર્માએ કોલમ્સ્પ્રાઉટ એઆઇ વિષે લાઇવ ડેમો રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે,કોલમ્સ્પ્રાઉટ એઆઇ એ વ્યવસાયિક સંસ્થાઓ માટે ખાસ રીતે ડિઝાઇન કરાયેલ એક સ્માર્ટ એઆઇ પ્લેટફોર્મ છે, જે ડેટા એનાલિસિસ, કસ્ટમર ઇન્સાઇટ્સ, ઓટોમેશન અને નિર્ણય પ્રક્રિયાને વધુ સરળ, ઝડપી અને અસરકારક બનાવે છે.

સિમ્પસ એકઝીમ અને કોર્પોરેટ એડવાઇઝરીના ડિરેકટર અને લીડ એડવાઇઝર શ્રી બાસેષ ગાલાએ ૧૦૦X બિઝનેસ બ્રેકથ્રુ – માઇન્ડ સેટ અને સિસ્ટમ્સ ટુ સ્કેલ વિષે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આજના ઝડપી બદલાતા વ્યવસાયિક યુગમાં માત્ર ટેકનોલોજી અપનાવવી પૂરતી નથી, પરંતુ યોગ્ય માઈન્ડસેટ અને સિસ્ટમ્સ વિકસાવવી અત્યંત આવશ્યક છે. એઆઇ અને સ્માર્ટ સિસ્ટમ્સના યોગ્ય ઉપયોગથી વ્યવસાયમાં કાર્યક્ષમતા વધારી શકાય છે, ખર્ચ ઘટાડી શકાય છે અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મકતા હાંસલ કરી શકાય છે.

શ્રી ગાલાએ પોતાના સંબોધનમાં વ્યવસાયને ૧૦૦ ગણી વૃદ્ધિ તરફ દોરી જવા માટે લીડરશીપ વિચારસરણી, ડેટા આધારિત નિર્ણય પ્રક્રિયા, ઓટોમેશન, એઆઇ આધારિત સિસ્ટમ્સ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ મોડેલ

વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ઉદ્યોગકારોને પરંપરાગત કાર્યપદ્ધતિમાંથી બહાર આવી નવીન વિચારધારા અને ટેકનોલોજી અપનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, કોન્કલેવના ચેરમેન શ્રી અતુલ પટેલ, ડો. ચિંતન પાઠક, શ્રી અતુલ પાઠક, ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો અને પ્રોફેશનલ્સ ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ વકતાનો પરિચય આપ્યો હતો. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી બશીર મન્સુરીએ કોન્કલેવમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરની આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન કમિટીના ચેરપર્સન ડો. વંદના શાહે કોન્કલેવ વિષે માહિતી આપી હતી. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી હિમાંશુ ગુપ્તા અને ડો. મીરા શર્માએ સમગ્ર કોન્કલેવનું સંચાલન કર્યું હતું.

આ કોન્કલેવ દરમ્યાન સવાલ–જવાબ સેશનમાં ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો તથા પ્રોફેશનલ્સે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના વ્યવસાયિક ઉપયોગ, કાનૂની પડકારો, સ્ટાર્ટ–અપ્સ માટેની તકો અને ભવિષ્યની સંભાવનાઓ અંગે વિવિધ પ્રશ્નો પૂછયા હતા, જેના વકતાઓએ સંતોષકારક જવાબો આપી ઉપસ્થિતોને ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડયું હતું.